મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર, તા. કલોલ.
જિ. ગાંધીનગર-૩૮૨૭૩૫.

# જોઈએ છે

ગ્રામ સેવા મદિર સંચાલિત અને ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સંલગ્ન મહિલા ગ્રામ વિદ્યાપીઠ,નારદીપુરમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા તારીખ 14/2/2022ના રોજ મળેલ એન.ઓ.સી. ક્રમાંક ગ્રા.વિ./NOC/૨૧/૨૦૧૫-૧૭ અધ્યાપકની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનુનામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | કેટેગરી | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | અધ્યાપક (કૃષિ) | ૧ (એક) | એમ.એસ.સી.(એગ્રી)૫૫ ટકા ગુણ/એમ.આર.એસ.૫૫ ટકા ગુણ સાથે | બિન અનામત | પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગાર (સરકારશ્રીના ધારાધોરણ મુજબ) |

વધુ વિગત તેમજ લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ અને ગ્રામવિદ્યાપીઠના કર્મચારીઓ માટેની આચાર સંહિતા તેમજ અન્ય નિયમો સંસ્થાની વેબસાઇટ gsmmgvnardipur.orgપરથી સંપૂર્ણ વિગતો ધ્યાને લઈ અરજી કરવાની રહેશે.

સબંધિત જગ્યાને અનુરૂપ લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન ૧૫ માં તમામ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે રજીસ્ટર એ.ડી.થી નીચેના સરનામે મળે તે રીતે અરજી કરવાની રહેશે. સરકારશ્રીની ગ્રામવિદ્યાપીઠો માટેની આચાર સંહિતા પ્રમાણે નિમણૂક પામનાર કર્મચારીએ ફરજિયાત કેમ્પસમાં રહેવાનુ રહેશે. લેખિત પરીક્ષા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી અને સમય પત્રક માટે વેબસાઇટ જોતાં રહેવું.

- અગાઉની તમામ અરજીઓ રદ ગણવાની રહેશે તથા જે ઉમેદવારે અગાઉ અરજી કરેલ હોય તેમણે પણ આ જાહેરાત સંદર્ભે ફરીથી નવેસરથી અરજી કરવાની રહેશે.

ઉમેદવારે અરજી સાથે ૧૦૦ રૂપિયા પ્રોસેસ ફીનો ડીડી મહિલા ગ્રામ વિદ્યાપીઠ,નારદીપુરના નામનો જોડવાનો રહેશે. અથવા સંસ્થામાંથી રૂબરૂ જમા કરી પાવતી મેળવી અરજી સાથે પાવતી જોડવાની રહેશે. નિયત ફી વગરની અરજી રદ કરવામાં આવશે.

અરજી કરવાનું સરનામું: આચાર્યશ્રી/નિયામકશ્રી મહિલા ગ્રામ વિદ્યાપીઠ,

જીઇબી સામે ,કલોલ-માણસા રોડ મુ. નારદીપુર તા.કલોલ જી.ગાંધીનગર ,૩૮૨૭૩૫

R.S. Dave
ઈ. ચા. આચાર્ય
મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર (ઉ.ગુ.)

મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર, તા. કલોલ.
જિ. ગાંધીનગર-૩૮૨૭૩૫

# જાહેરાત અને નિયમો

ગ્રામ સેવા મદિર સંચાલિત અને ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સંલગ્ન મહિલા ગ્રામ વિદ્યાપીઠ,નારદીપુરમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા તારીખ 14/2/2022ના રોજ મળેલ એન.ઓ.સી. ક્રમાંક ગ્રા.વિ./NOC/૨૧/૨૦૧૫-૧૭ અધ્યાપકની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનુનામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | કેટેગરી | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | અધ્યાપક (કૃષિ) | ૧ (એક) | એમ.એસ.સી.(એગ્રી)૫૫ ટકા ગુણ/એમ.આર.એસ.૫૫ ટકા ગુણ સાથે | બિન અનામત | પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગાર (સરકારશ્રીના ધારાધોરણ મુજબ) |

૧. ઉમેદવારે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૩/૮/૨૦૦૮ તેમજ ૧૮/૧/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર – ૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦- ગ.પ.થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા અંગેનું માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર માર્કશીટ ધરાવતા હોવા જોઈશે.અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં ડિગ્રી કે ડિપ્લોમા અથવા સર્ટિફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦.૧૨ માં કોમ્યુટર એક વિષય તરીકે હોવો જોઈએ. આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટર બેઝિક નોલેજ ની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી “રદ”કરી શકશે.

૨.નાણાં વિભાગના તારીખ ૧૮/૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : ૨૦૦૨/૫૬/પાર્ટ ૨ /ઝ/૧ ની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગાર સરકારશ્રીના ધારાધોરણ મુજબ મળવા પાત્ર થશે.વધારાના કોઈ જ ભથ્થાં મળવા પાત્ર નથી.

3. આ જગ્યા પર નિમણૂક પામનાર કર્મચારીએ ગ્રામવિદ્યાપીઠ સંસ્થાના કેમ્પસ પર ફરજિયાત રહેવાનુ રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

૪. આ જગ્યા પર નિમણૂક પામનાર કર્મચારીએ સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૧/૦૪/૯૪ ના ઠરાવથી ગ્રામ વિદ્યાપીઠોના કર્મચારી માટે નિયત થયેલ આચાર સંહિતાનું પાલન કરવાનું રહેશે. અને તે માટેનું બાહેંધરી પત્ર મેળવતા પહેલા આપવાનું રહેશે.

મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર, તા. કલોલ.
જિ. ગાંધીનગર-૩૮૨૭૩૫.

૫. પાંચ વર્ષ માસિક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણૂક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષયક કોઈપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહીં. તેમજ મંજૂર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહીં.

૬.આ હેઠળ નિમણૂક પામનારને નિયત પગાર સમાવ્યા તારીખથી સરકારશ્રીના નાણાં વિભાગના તારીખ ૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન-૨૦૦-ઓઆઈ-૧૦-પી તથા તેને આનુસંગિક ઠરાવોને આધીન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવામાં આવશે.

૭. જો ગ્રામવિદ્યાપીઠમાં સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસાર ગ્રામવિદ્યાપીઠ બંધ થાય તો યોજના હેઠળ નિમણૂક પામેલા કર્મચારીઓને છૂટા કરવામાં આવશે અને તેને ફાજલનું રક્ષણ મળી શકશે નહીં.

૮. આ જગ્યા હેઠળ નિમણૂક પામનારને સમાન સંવર્ગના અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં જે સમય નિયત હોય તે પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેક્ટિસ કે અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકશે નહીં જાહેર રજાના દિવસોએ પણ સરકારની /સંસ્થાની કામગીરીની જરૂરિયાતોને અનુલક્ષીને ફરજ બજાવવામાં આવે તે મુજબ બજાવવાની રહેશે.

૯. આ જગ્યા પર નિમણૂક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા અને ગ્રામવિદ્યાપીઠના વેકેશન સિવાયની કોઈ પણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહીં. તે સિવાય અન્ય રજા ભોગવશે તો રજાનો પગાર કપપટ કરવાની રહેશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસૂતિ રજાઓ મળવા પાત્ર થશે.

૧૦. પાંચ વર્ષના સમયગાળા ઉચ્ચક વેતનથી નિમણૂક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહીં.

૧૧. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ પણ જરૂરી શરતો થાય તે બંધન કર્તા રહેશે.

12. પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર, તા. કલોલ,
જિ. ગાંધીનગર-૩૮૨૭૩૫.

શૈક્ષણિક લાયકાત:

૧.અધ્યાપક(કૃષિ) : એમ.એસ.સી.(એગ્રી) ૫૫ ટકા ગુણ / એમ.આર.એસ. ૫૫ ટકા ગુણ

વય મર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ મહિલાઓને વધારાના પાંચ વર્ષની છૂટછાટ મળવા પાત્ર છે.

ભાગ-૧ લેખિત કસોટી: (OMR) પ્રશ્નપત્ર ગુણ : ૨૦૦ સમય બે કલાક

૧. સ્પર્ધાત્મક પરીક્ષા Multiple Choice Question (MCQ)અને Optical Mark Read (OMR) પધ્ધતિન રહેશે.

૨. ઉમેદવારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૩. દરેક પ્રશ્ન બે ગુણનો રહેશે.

૪. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા કે એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબદીઠ કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે એટલે કે નેગેટીવ માર્ક લાગુ પડશે.

૫. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ “E” Not attempted રહેશે. ઉમેદવારે કોઈ પ્રશ્નના જવાબ ન આપવા ઇચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને તેના માટે કોઈ નેગેટીવ માર્કસ લાગુ પડશે નહીં.

૬. સ્પર્ધાત્મક કસોટીમાં મેરીટને આધારે ઉત્તીર્ણ થનાર કુલ જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી કસોટી માટે બોલાવવામાં આવશે. કુલ ખાલી જગ્યાના આધારે ત્રણ ગણા ઉમેદવારો પ્રોફિશીયન્સી કસોટી માટે બોલાવવામાં આવશે.

ઈ. ચા. આચાર્ય
મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર (ઉ.ગુ.)

મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર, તા. કલોલ.
જિ. ગાંધીનગર-૩૮૨૭૩૫

અભ્યાસક્રમ : ભાગ - ૧

વિષય : કૃષિ અધ્યાપક :

કુલ ગુણ:૨૦૦

| ક્રમ | વિભાગ | સમય:૨ કલાક |
|---|---|---|
| ૧ | જનરલ વિભાગ | ગુણ<br>૫૦ |
| | ૧. ભારતની ભુગોળ–ભૌગોલીક પરિસ્થિતિ, આર્થિક, સામાજિક , કુદરતી સંસાધન અને વસ્તી અંગેની બાબતો–ગુજરાતના ખાસ સંદર્ભ સાથે<br>૨. ભારતનો સાંસ્કૃતિક વારસો –સીહત્ય,કલા, ધર્મ અને સ્થાપ્ત્યો ગુજરાતના ખાસ સંદર્ભ સાથે<br>૩. નઈ તાલીમ શિક્ષણ અને વિદ્યાપીઠ શિક્ષણ પ્રણાલી<br>૪. ભારતની અર્થ વ્યવસ્થા અને આયોજન<br>૫. ભારતની રાજનીતી અને ભારતીય બંધારણ<br>૬. સામાન્ય બૌદ્ધિધક ક્ષમતા કસોટી<br>૭. સામાન્ય જ્ઞાન, પર્યાવરણ, ઈન્ફરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનિક્સ<br>૮. ખેલ જગત, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના વર્તમાન મહત્વના બનાવો<br>૯. નવી શિક્ષણ નીતી<br>૧૦. ઉચ્ચશિક્ષણ પ્રણાલી, પરંપરાપ યુ.જી.સી.અને અન્ય શિક્ષણમાટેના સંસ્થાનો | |
| ૨ | વિભાગ ૨ | |
| | કૃષિ<br>૧. ખનીજ અને ખડકની વ્યાખ્યા ,ખડકોના પ્રકારો,જમીન બનાવતા પરિબળો ( ખડકો અને ખનીજોનું અપક્ષપ અને તેના પ્રકારો )જમીનના ઘટકો અને કાર્યોજમીનના અગત્યના ભૌતિક ગુણધર્મો જેમાં જમીનનું પોત– રેતી, કાંપ,માટીના ગુણધર્મો જમીનનો બાંધો – તેના પ્રકારો , જમીનના બાંધાનું ખેતીમાં મહત્વ<br>૨. સેન્દ્રિય ખાતરોના લાભ તથા મર્યાદાઓ , છાણિયું ખાતર સડવાની ક્રિયાને અસર કરતાં પરિબળો ઉત્તમ છાણિયું ખાતર બનાવવાની રીત, રાસાણિક ખાતરોની વિશિષ્ટતાઓ (લાભ ) અને આડઅસરો (ગેરલાભ ) જુદા જુદા રાસાયણિક અને તેના પોષક તત્વો,ખાતરોના કાર્યક્ષમ ઉપયોગ અને ખાતરો આપવાની પધ્ધતિઓ,જૈવિક ખાતરો ના લાભા–લાભા પ્રકારોની સમજ સેન્દ્રિય ખાતરોના લાભ તથા મર્યાદાઓ , છાણિયું ખાતર સડવાની ક્રિયાને અસર કરતાં પરિબળો ઉત્તમ છાણિયું ખાતર બનાવવાની રીત, અન્ય સેન્દ્રિય ખાતરોની માત્ર સમજરાસાણિક ખાતરોની વિશિષ્ટતાઓ (લાભ ) અને આડઅસરો (ગેરલાભ ) જુદા જુદા રાસાયણિક ખાતરોના ઉદાહરણોખાતરોના કાર્યક્ષમ ઉપયોગ અને ખાતરો આપવાની પધ્ધતિઓ જૈવિક ખાતરો ના લાભા–લાભા પ્રકારોની સમજ<br>૩. ગુજરાત રાજ્યના કૃષિ હવામાન ઝોન અને તે પ્રમાણે પાક વ્યવસ્થા.પાકઉત્પાદનની ઓછી ખર્ચાળ કે બિનખર્ચાળ પધ્ધતિઓ.<br>૪. જમીન, પાણી, છોડ વચ્ચેના પારસ્પારિક સંબંધની પાક ઉત્પાદન ઉપર અસર. બીજનો અર્થ, ઉતમ બીજના લક્ષણો સારા બીજના ફાયદા. બીજ માવજતનો અર્થ, ફાયદા બીજ માવજતની પધ્ધતિઓ. હોર્મોન્સનો અર્થ, પ્રકારો અને તેની ઉપયોગિતા.<br>૫. કિટક નિયંત્રણની સમજ, પ્રકારો પધ્ધતિઓ તથા કુદરતી કિટક નિયંત્રણ. રાસાણિક કિટક નિયંત્રણ –વ્યાખ્યા લાભ તથા આડઅસરો.<br>૬ વનસ્પતિ રોગ તથા વનસ્પતિ રોગ વિજ્ઞાનનો અર્થ, વનસ્પતિ રોગના કારકોની ટૂંકમાં સમજ. વનસ્પતિ રોગના લક્ષણો . | ૧૫૦ |

R.J. [signature]
ઈ. ચા. આચાર્ય
મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર (ઉ.ગુ.)

મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર, તા. કલોલ.
જિ. ગાંધીનગર-૩૮૨૭૩૫.

૭. બહુભોજી કિટકોની સમજ તથા બહુભોજી કીટકોના ઓળખ ચિહ્નો, નુકશાનનો પ્રકાર, જીવનચક્ર અને તેનું નિયંત્રણ.
૮. કિટકનાશક દવાઓનું વર્ગીકરણ. જેમાં જઠરવિષ, ધૂમકર વિષ, સ્પર્શવિષ, શોષકવિષ, અનુકર્ષણ તથા પ્રતિકર્ષણ પદાર્થો, એન્ટાઈફિડન્ટ તથા કિટકનાશક દવાઓનું રાસાણિક ગુણધર્મોના આધારે માત્ર વર્ગીકરણ.
૯. જમીનનું ધોવાણ એટલે શું ? તેના પ્રકાર–કારણો અને ઉપાયો. ખેતીમાં વપરાતી વિવિધ શક્તિ. શક્તિ સંચારણ એટલે શું ? તેના પ્રકાર.
૧૦. વોટરશેડ એટલે શું ? વોટરશેડની વિવિધ પ્રવૃત્તિઓ : ચેકડેમ, ખેત તલાવડી, કૂવા રિચાર્જ.
૧૧. વાવણી પધ્ધતિઓની(રીતો) સમજ ઉદાહરણ સાથે(દા.ત. પૂંખીને, થાણીને, ઓરીને, રોપીને(ફેર રોપણી). ઉત્તમ બીજની પસંદગી કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અને બીજ માવજતનું મહત્વ, સારા બીજના લક્ષણો. નીદણનો અર્થ, વર્ગીકરણ, નીદણથી ખેતી પાકોને થતું નુકશાન. નીદણ નિયંત્રણ પધ્ધતિઓની સમજ.ખેત પેદાશોનું રૂપાંતર અને મૂલ્યવૃધ્ધિનો અર્થ, ફાયદા અને તેને અસર કરતી બાબતો.

૧૨સજીવ ખેતીના સિધ્ધાંતો, સજીવ ખેતીના મૂળભૂત ઘટકો /બાબતો. સજીવ ખેતીના લાભ અને મર્યાદાઓ.સજીવ ખેતી માટે અમૃતમાટી અને બીજામૃત બનાવવાની રીત અને તેની ઉપયોગિતા. સજીવ ખેતી માટે જીવામૃત અને પાકસંરક્ષણ માટે સજીવ અસ્ત્રો બનાવવાની રીત અને તેની ઉપયોગિતા.
૧૩. જુદા જુદા અનાજ વર્ગના પાકોની ખેતી પધ્ધતિ, કોઠોળ વર્ગના પાકોની ખેતી પધ્ધતિ,શાકભાજી વર્ગના પાકોની ખેતી પધ્ધતિ, તેલીબિયા વર્ગના પાકોની ખેતી પધ્ધતિ.
૧૪. સૂકી ખેતી,તેની પધ્ધતિઓ, પિયત ખેતી, પિયત ખેતીની જુદી જુદી પધ્ધતિઓ, ભારત સરકાર અને રાજય સરકારની ખેતી અને પશુપાલનની વિવિધ યોજનાઓ
૧૫. નાબાર્ડ, જી.એસ.એફ.સી, ઈફકો, ગુજકોમાસોલ અને ખેતી સાથે સંકળાયેલ સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓનો પરીચય અને કાર્ય પધ્ધતિ

R-S-૭૯૮૮
ઈ. ચા. આચાર્ય
મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર (ઉ.ગુ.)

ભાગ-૨ કમ્પ્યુટર પ્રોફિશીયન્સી કસોટી

ગુણ:૧૦૦ સમય: ૧ કલાક

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાતી ટાઇપીંગ કસોટી | ૨૦ |
| ૨ | અંગ્રેજી ટાઇપીંગ કસોટી | ૨૦ |
| ૩ | કમ્પ્યુટર ઉપયોગિતાના સંદર્ભમાં પ્રેક્ટિકલ | ૬૦ |
| | કુલ ગુણ | ૧૦૦ |

સામાન્ય શરતો :

૧. ગ્રામવિદ્યાપીઠો માટેની આચાર સંહિતાનો અભ્યાસ કરી તે પ્રમાણેની તૈયારી હોય તે અરજી કરે.

૨. ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા ઉમેદવારી જે તે સમયે જ રદ ગણાશે.

૩. સરકારશ્રીની ભરતી માટે કોઈ પણ વિભાગ દ્વારા ગેરલાયક ઠરેલ ઉમેદવારો અરજી કરી શકશે નહીં.

૪. ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલ કોઇ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ,શૈક્ષણિક લાયકાત,વય,જાતિ અનુભવ વગેરેને લગતા ભવિષ્યમાં કોઈપણ સમયે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.આવા ઉમેદવાર ની ઉમેદવારી અને નિમણૂક રદ કરવામાં આવશે.

૫. પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂક ઉમેદવારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂક મેળવવાને પાત્ર થશે.

૬. ભરતી પ્રક્રિયા અંગે રાજ્ય સરકાર જે નિયમો ઘડે તે બંધન કર્તા રહેશે.

૭. ઉમેદવારે અરજી સાથે ૧૦૦ રૂપિયા પ્રોસેસ ફીનો ડીડી મહિલા ગ્રામ વિદ્યાપીઠ,નારદીપુર નામનો જોડવાનો રહેશે.

૯. નિયત શૈક્ષણિક લાયકાત અને ફી સિવાયની અને સમય મર્યાદા પછી આવેલ અરજી ગ્રાહ્ય રહેશે નહીં.

અરજી કરવાનું સરનામું

આચાર્યશ્રી/નિયામકશ્રી
મહિલા ગ્રામ વિદ્યાપીઠ,
જીઇબી સામે ,કલોલ-માણસા રોડ
મુ. નારદીપુર તા.કલોલ
જી.ગાંધીનગર ,૩૮૨૭૩૫

R.S. Dave
ઈ. ચા. આચાર્ય
મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર (ઉ.ગુ.)

# ગ્રામસેવા મંદિર સંસ્થા, સંચાલિત

# મહિલા ગ્રામ વિદ્યાપીઠ નારદીપુર,તા-કલોલ,જી-ગાંધીનગર

## કાર્યકરો માટેની સરકારશ્રીએ નક્કી કરેલ આચારસંહિતા

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગરના તા.૨૧/૦૪/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક: ગઉશ-૧૦૯૨-૪૭૦/બ નુ પરિશિષ્ટ.

પરિશિષ્ટ-૧

૧. ગ્રામવિદ્યાપીઠના કોઇપણ વિભાગની મંજૂર થયેલ કોઇપણ જગ્યા ઉપર નિમણૂક કરેલ હોય, હાજરી પત્રકમાં નામ ધરાવનાર તથા વેતન પત્રક પ્રમાણે વેતન લેનાર, કોઇપણ કાર્યકર સંસ્થાના "સેવક" ગણાશે.સેવકને તેમની યોગ્યતા અને વિદ્યાપીઠની જરૂરિયાત પ્રમાણે શૈક્ષણિક કે બિનશૈક્ષણિક કામની જવાબદારી સોંપવામાં આવશે.

૨. દરેક સેવક માટે ગ્રામવિદ્યાપીઠના ધ્યેયોનો સ્વીકાર અને તે મુજબનો વ્યવહાર અનિવાર્ય ગણાશે.ઉપરાંત દરેક સેવક, ગ્રામવિદ્યાપીઠની પરંપરાઓ, પ્રણાલિકાઓ, બંધારણ અને તે હેઠળના નિયમો, પેટા નિયમો, ઠરાવો અને સંસ્થાના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓને અનુરૂપ પોતાનુ વર્તન રાખશે.

૩. ગ્રામવિદ્યાપીઠ એ વિશિષ્ટ ઉદ્દેશો સાથે કામ કરનારી નઇ-તાલીમની શિક્ષણ સંસ્થા છે. તેમાં જોડાનાર સેવક તે સમજી ને સ્વીકારીને તેમાં જોડાશે. સંસ્થામાં જોડાયા પછી તે મુજબ પોતાની જીવનશૈલી ગોઠવશે.

૪. ગ્રામવિદ્યાપીઠએ આખા દિવસનું (૨૪ કલાકનું) કામ કરનારી, નિવાસી સંસ્થા છે અને તેમા છાત્રાલય વિદ્યાલય તેમજ સમાજ સેવાને લગતી પ્રવૃતિઓ ચાલતી રહે છે. વિદ્યાપીઠમાં જોડાનાર સેવકો સઘળી પ્રવૃતિઓમાં રસ અને ઉત્સાહથી ભાગ લેશે.

૫. વર્તન તેમજ શિસ્ત પરત્વે રાજ્ય સરકાર માન્ય ગ્રામવિદ્યાપીઠના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સભ્યો (સ્ટાફ) તરફથી અવગણના બદલ ઉભી થતી બાબતો સંબંધમાં નિયમોમાં અન્યત્ર કરાયેલી સુચનાઓ ( જોગવાઇઓ) ઉપરાંત રાજ્ય સરકાર માન્ય ગ્રામવિદ્યાપીઠના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સેવકોને શિક્ષાની બાબતમાં શિસ્ત વિષયક પગલા તરીકે આ સાથેના પરિશિષ્ટ-૨ માં નિયત કરી દર્શાવેલી શિક્ષાઓ કરવાની સત્તા સંચાલક મંડળની સુચનાથી આચાર્યની રહેશે.

૬. ગુજરાત રાજ્ય સરકાર માન્ય ગ્રામવિદ્યાપીઠના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફની કામગીરીઓ સુચનાઓ પરત્વે અન્યત્ર કરાયેલ જોગવાઇઓ ઉપરાંત સંચાલક મંડળ, નિયામક, આચાર્ય, અધ્યાપકો, શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફના વર્ગ-૩ માં અને વર્ગ-૪ માં આવરી લેવાતા તમામ સેવકોની ફરજો તથા સેવા (વર્તન) ની શરતો આ સાથે ના પરિશિષ્ટ-૩ માં નિયત કરી દર્શાવેલી જોગવાઇઓ અનુસારની રહેશે.

ઈ. ચા. આચાર્ય
મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર (ઉ.ગુ.)

ગુજરાત રાજ્ય સરકાર માન્ય ગ્રામવિદ્યાપીઠના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક તમામ વર્ગના સેવકો માટે ઉપરોક્ત નિયમ-૬ માં નિશ્ચિત કરેલી ફરજો તથા સેવાઓ ઉપરાંત નીચે મુજબના નિયમો ગ્રામવિદ્યાપીઠ સંચાલક મંડળ સહિતના ગ્રામવિદ્યાપીઠના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક તમામ વર્ગના સેવકોને લાગુ પડશે.

૧. વિદ્યાપીઠના ધ્યેયો મુજબ નિરંતર શુધ્ધ સુતરાઉ ખાદીનો પોષાક પહેરવો.

૨. ગ્રામવિદ્યાપીઠની દૈનિક પ્રવૃતિઓ, જેવી કે પ્રાર્થના, સભાસંમેલન, જાહેર સફાઇ, ઉધોગ, કાંતણ તથા અન્ય શૈક્ષણિક પ્રવૃતિઓમાં ભાગ લેશે. જે માટે સેવકને અલગ ભથ્થુ મળશે નહી.

૩. ગ્રામઉધોગની વસ્તુઓ, વાપરવાનો આગ્રહ રાખશે.

૪.સમુહ જીવન તથા છાત્રાલયના કાર્યોમાં પ્રત્યક્ષ જોડાશે.

૫.સમાજ સેવાના અને સેવા વિસ્તરણના કાર્યક્રમોમાં ભાગ લેશે.

૬.બીડી, તમાકુ, ગાંજો, દારૂ અને એવા અન્ય માદક કેફી પદાર્થો લેશે નહી અને તેનુ વ્યસન રાખશે નહી.

૭. ગ્રામવિદ્યાપીઠ દ્વારા આયોજીત સર્વ પ્રકારના રચનાત્મક કાર્યક્રમોમાં ભાગ લેશે.

૮. સંસ્થાએ નક્કી કરેલા સમય પાલન અને શિસ્ત વગેરેના નિયમોનું પાલન કરશે.

૯. ગ્રામવિદ્યાપીઠમાં છાત્રાલયમાં જીવન તેનો પ્રાણ છે અને વિદ્યાર્થીઘડતર તેમજ નાગરિક્તાની તાલીમ માટે તે અત્યંત ઉપયોગી છે. તેથી દરેક સેવક સંસ્થાના સમુહ કાર્યોમાં જેવા કે શ્રમ સફાઇ, ઉધોગ, પ્રાર્થના, કાંતણ, શિબિર, પ્રવાસ, સંમેલન, ઉત્સવો વગેરેમાં ફરજના ભાગરૂપે જોડાશે જે માટે સેવકને અલગ ભથ્થુ મળશે નહી.

૧૦. દરેકને પોતાના મુખ્ય કામ ઉપરાંત સંસ્થા, સંલગ્ન બીજા વધારાના કામોની જવાબદારી સોંપાય તે સ્વીકારશે. આવા કામો માટે વિશેષ ભથ્થુ મળશે નહી.

૧૧. સેવક કોઇ પણ પ્રકારની અંધશ્રધ્ધા, સામાજીક કુરિવાજો, ઉંચનીચના ભેદભાવ વગેરેને ઉત્તેજન નહીં આપે, પોતાના અંગત જીવનમાં તેને અપનાવશે નહી. કોઇ પણ પ્રકારના ભેદભાવને સીધી કે આડકતરી રીતે પોષે તેવા કોઇ પણ વર્તન કે વ્યવહારને ગેરશિસ્ત ગણવામાં આવશે. અને તેવુ આચરણ કરનાર સેવક સામે શિસ્તભંગનાં પગલાં ભરવામાં આવશે.આવી બાબતે પ્રશ્ન ઉપસ્થિત થાય તો પ્રથમ લેખિત ચેતવણી આપવામાં આવશે. અને તેમ છતાં વર્તનમાં સુધારો કરે તો ખાતાકીય કાર્યવાહીથી સેવક ને છુટા કરી શકાશે.

૧૨. કોઇ પણ સેવક સત્રની અધવચ્ચેથી છુટા થઇ શકશે નહી.

૧૩. કોઇ પણ અજમાયશી કે હંગામી સેવક એક માસ અગાઉ અને કાયમી સેવક ત્રણ માસ અગાઉ, લેખિત સુચના અથવા સુચનાના વેતનની રકમ (નોટીસ પે) આપી ને છુટા થઇ શકશે. આવા સેવક પોતાના હસ્તકની કામકાજની અને સાધનોની પુરી સોંપણી કર્યા પછી જ છુટા થયેલા ગણાશે.

૧૪. ગ્રામવિદ્યાપીઠ કોઇ પણ સેવકને તેમની કાર્યક્ષમતા વધારવા માટે, કોઇ પણ પરીક્ષા આપવાનું, તાલીમ લેવાનું કે અભ્યાસ સંશોધન કરવાનુ સુચવે તે મુજબ અમલ કરવાનુ દરેક સેવકને બંધનકર્તા રહેશે.સ્નાતકની લાયકાત ધરાવનાર અધ્યાપકે પાંચ વર્ષની મુદતમાં સંસ્થા સુચવે તે સંસ્થામાં અનુસ્નાતકની કે અન્ય પદવી મેળવી લેવાની રહેશે.

ઈ. ચા. આચાર્ય
મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર (ઉ.ગુ.)

મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર, તા. કલોલ.
જિ. ગાંધીનગર-૩૮૨૭૩૫

(ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ગઉશ-૧૦૯૨-૪૭૦૧-બ નું પરિશિષ્ટ)

## પરિશિષ્ટ-૨

### ગ્રામ વિદ્યાપીઠના સેવકો માટેની આચાર સંહિતા અને નિયમો :

### ગ્રામ વિદ્યાપીઠના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સેવકો નીચેના કોઈપણ કારણોસર શિક્ષાને પાત્ર ઠરશે.

નિયમ - ૧

(૧) ગેરવર્તણૂક
(૨) નૈતિક અધ:પતન
(૩) બિન કાર્યક્ષમતા
(૪) પરીક્ષાઓમાં ગેરરીતિનું આચરણ
(૫) નાણાંકીય ગેરરીતિ

સ્પષ્ટતા :

(૧) ગેરવર્તણૂક એટલે

(૧) નિયમો અને નોકરીની શરતોનો ભંગ
(૨) સેવા. શિસ્ત અને વર્તણૂકના નિયમોનો ભંગ

(૨) નૈતિક અધ:પતન એટલે

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ ગ્રામ વિદ્યાપીઠના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સેવકો. કોઈપણ સ્ત્રી કે પુરુષ વિદ્યાર્થી સામે અથવા સંસ્થાના કોઈપણ સેવક સાથે અનૈતિક કે અણછાજતું વર્તન કર્યું હોય અથવા તેના જેવુ બીજુ એવુ કહી શકાય તેવુ કાર્ય કે જેનાથી સમાજ ઉપર કોઈ વિપરીત અસર પાડવાની સંભાવના હોય.

(૩) બિન કાર્યક્ષમતા એટલે કે

૧. વારંવારની સૂચનાઓ આપવા છતાં પોતાને જે ફરજો સોંપવામાં આવી હોય તે અદા કરવામાં અને તેને લગતી અદ્યતન જ્ઞાન માહિતી મેળવવામાં જાળવવામાં અને ઉપયોગ કરવામાં નિષ્ફળતા.

૨. વર્ષ દરમિયાન સોંપવામાં આવેલ, જે તે વિષયોના અભ્યાસક્રમો, નિયત સમયમર્યાદામાં (કાબુ બહારના સંજોગો સિવાય) પૂર્ણ કરવામાં નિષ્ફળતા.

૩. ગ્રામ વિદ્યાપીઠના બી.આર.એસ. તથા ડિપ્લોમાં અભ્યાસક્રમના નબળા પરિણામો માટેની જવાબદારી શૈક્ષણિક સ્ટાફની રહેશે. અને તે માટે સંસ્થાને આપેલ ગ્રાન્ટ કાપની રકમ શૈક્ષણિક સ્ટાફે ભરપાઈ કરી આપવાની રહેશે.

(૪) પરીક્ષામાં ગેરરીતિનું આચરણ એટલે કે :

ગ્રામ વિદ્યાપીઠમાં યોજાતી પરીક્ષાઓમાં સંસ્થા કે બોર્ડ તરફથી સોંપવામાં આવેલ, પરીક્ષા સંબંધી કોઈપણ કાર્યમાં બતાવેલ ઢીલાશ બેદરકારી પક્ષપાત કે નિષ્કાળજી ગુપ્તતાનો ભંગ અને અન્ય ગેરરીતિઓનું આચરણ

(૫) નાણાકીય ગેરરીતિ એટલે કે :

ગ્રામ વિદ્યાપીઠના કે વિદ્યાર્થીઓ સાથેના નાણાંકીય વહીવટના અમલમાં કોઈપણ પ્રકારના બેદરકારી, નાણાંનો દુરુપયોગ, અંગત ઉપયોગ, ઉચાપત, છેતરપીંડી, લાંચ રુશવત કે અવ્યવસ્થા ભર્યો વ્યવહાર.

**મહિલા ગ્રામ વિદ્યાપીઠ**
**નારદીપુર, તા. કલોલ.**
**જિ. ગાંધીનગર-૩૮૨૭૩૫**

નિયમ - ૨ શિક્ષા :

ગુજરાત સરકાર દ્વારા માન્યતા આપવામાં આવેલ ગ્રામવિદ્યાપીઠના કોઈપણ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સેવક નિયમોમાં દર્શાવેલ જોગવાઈઓના ભંગ માટે નીચેનામાંથી કોઈપણ શિક્ષાને પાત્ર ઠરશે

૧) ચેતવણી. ઠપકો (લેખિત)

૨) એક વર્ષથી વધુ નહી તેવા સમય માટે. ભવિષ્યમાં અસર ન કરે તે રીતે ઈજાફાની રુકાવટ.

૩) એક વર્ષથી વધુ નહી તેવા સમય માટે ભવિષ્યમાં અસર કરે. તે રીતે ઈજાફાની રુકાવટ.

૪) બેદરકારી અથવા હુકમના ભંગથી ગ્રામ વિદ્યાપીઠને થયેલ કોઈ આર્થિક નુકસાનની. તેની પાસેથી અથવા તેના પગારમાંથી આખી કે આંશિક રકમની વસુલાત.

૫) પાયરી ઉતાર (ફક્ત બિન શૈક્ષણિક સેવકો માટે)

૬) ભવિષ્યમાં ગ્રામ વિદ્યાપીઠની નોકરી માટે ગેરલાયક ઠરે નહી તે રીતે નોકરીમાંથી રુખસદ.

૭) ભવિષ્યમાં ગ્રામ વિદ્યાપીઠની નોકરી માટે ગેરલાયક ઠરે તે રીતે નોકરીમાંથી બરતરફ.

૮) ફરજિયાત નિવૃત્તિ.

નિયમ -૩ શિક્ષાના પ્રકાર :

૧) નાની શિક્ષાઓ : નિયમ-૨ માં દર્શાવેલ ક્રમાંક (૧) થી (૪) સુધીની શિક્ષાઓ.

૨) મોટી શિક્ષાઓ : નિયમ-૨ માં દર્શાવેલ ક્રમાંકઃ (૫) થી (૮) સુધીની શિક્ષાઓ. (અ) આચાર્ય નીચેના સેવકોને નિયમ-૨માં દર્શાવેલ ક્રમાંકઃ (૧) થી (૪) સુધીની નાની શિક્ષા કરવાનો અધિકાર સંસ્થાના સંચાલક/નિયામક/મેનેજીંગ ટ્રસ્ટની મંજૂરીથી આચાર્યને રહેશે. ગ્રામ વિદ્યાપીઠના આચાર્ય પ્રથમ વડા/ શિસ્ત અધિકારી ગણાશે.

નિયમ - ૪ ૧) નાની શિક્ષાઓ સામાન્ય રીતે ગ્રામ વિદ્યાપીઠના સેવકોને સોંપવામાં આવેલ ફરજો પ્રત્યેની બેદરકારી /ઉપરી અધિકારી/સહકાર્યકર તરફ અણછાજતુ વર્તન ઉપરી અધિકારીઓના હુકમોનો અનાદર જેવાં કારણોસર કરી શકાશે. અને જ્યારે કોઈ સેવકને આવી શિક્ષા કરવામાં આવે તે પહેલા તે સેવકને શિસ્ત અધિકારીએ કારણો દર્શાવતી નોટીસ આપવાની રહેશે અને સેવકે બે અઠવાડિયામાં લેખિત જવાબ શિસ્ત અધિકારીને આપવાનો રહેશે. સેવક તરફથી મળેલ લેખિત જવાબ ઉપરથી વિચારણા કરીને સેવકને રુબરુ સાંભળીને શિસ્ત અધિકારી ગુનો સાબિત થયાનું જણાય તો નાની શિક્ષાનો હુકમ તેના કારણો સહિત કરશે.

૨) આવી નાની શિક્ષા કરવાના. શિસ્ત અધિકારીના હુકમ સામે મજકુર સેવક તે (શિક્ષા કરવાના) હુકમ મળ્યાના 30 દિવસમા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીને અપીલ કરી શકાશે. જેની જાણ તે સેવક મડળીને /આચાર્યને કરશે અને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીએ સંબંધિત સેવક. આચાર્ય તેમજ સંચાલક મંડળને રૂબરૂ સાભળવાની તક આપીને અપીલ અંગેની દરખાસ્ત મળ્યેથી દિન-૪૫માં આ અંગેનો નિર્ણય લઈ. લાગતા વળગતાઓને તે અંગેની જાણ કરવાની રહેશે. અને જો ૪૫ દિવસમાં ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી એ અગેનો નિર્ણય ન કરેતો શિસ્ત અધિકારીનો નિર્ણય આખરી રહેશે.

ઈ. ચા. આચાર્ય
મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર (ઉ.ગુ.)

મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર, તા. કલોલ.
જિ. ગાંધીનગર-૩૮૨૭૩૫.

ગુંજરાત સરકાંર શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: ગઉશ –૧૦૯૨-૪૭૦૧-બ. નુ પરિશિષ્ટ.

## પરિશિષ્ટ - ૩

### અધ્યાપકોની ફરજો:-

આચાર્ય દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ પ્રમાણે અધ્યાપક નીચેની ફરજો બજાવશે.

૧. વિદ્યાર્થીઓના અસરકારક શિક્ષણ માટે તે મૂળભૂત રીતે જવાબદાર રહેશે.
૨. સમયસર ગ્રામ વિદ્યાપીઠમા હાજર રહેશે અને શિક્ષણ કાર્ય કે વર્ગની ઉપર પોતાનું સમગ્ર ધ્યાન આપશે.
૩. વિદ્યાર્થીઓની હાજરી પૂરશે અને તેની નોંધ રાખશે.
૪. આચાર્યની સુચના મુજબ જરૂરી પત્રકો અને અન્ય રેકોર્ડ ચોક્સાઈપૂર્વક અને સુંદર રીતે રાખવા માટે જવાબદાર રહેશે.
૫. ગ્રામ વિદ્યાપીઠની વિવિધ પ્રવૃત્તિઓની વ્યવસ્થામાં આચાર્યને તેમની સુચના અનુસાર મદદ કરશે.
૬. વિદ્યાર્થીઓમાં સુચારુ ટેવો પાડવા અને તેમને શિક્ષણ પ્રત્યે અભિમુખ કરવા પ્રયત્નશીલ રહેશે. આ માટેની પ્રવૃત્તિઓની જવાબદારી સંભાળશે.
૭. વિદ્યાર્થીઓ સાથેના વ્યવહારમાં ધર્મ, લિંગ, જ્ઞાતિ, રંગ કે ઊંચનીચ જેવા કોઈ ભેદભાવ રાખશે નહીં.
૮. શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં વર્ષવાર, વિષયવાર શૈક્ષણિક આયોજન તૈયાર કરશે.
૯. શૈક્ષણિક કાર્ય કરતી વખતે જે શૈક્ષણિક ઉપકરણો પ્રાપ્ત હોય તેનો ઉપયોગ કરશે અને નવા ઉપકરણો ખોલાવવા પ્રયત્ન કરશે.
૧૦. પોતાના વર્ગશિક્ષણ કાર્યમાં થયેલ ખરેખર કાર્યની અને અપૂર્ણતા રહી હોય તો તેની નોંધ આચાર્યને દર મહિને આપશે.
૧૧. દર સત્રે દરેક વિદ્યાર્થી પાસે ત્રણ સ્વાધ્યાય (એસાઈમેન્ટ) તૈયાર કરાવશે અને તે તપાસશે. સ્વાધ્યાયના સ્વરૂપનું આયોજન આચાર્ય પાસે મંજુર કરાવશે.
૧૨. પોતાના વિષયના આંતરિક અને વાર્ષિક પરીક્ષાઓ માટે પ્રશ્નપત્રો કાઢશે અને ઉત્તરવહીઓ ન્યાયપૂર્વક અને સમયસર તપાસશે.
૧૩. ગ્રામવિદ્યાપીઠનો કોઈપણ પરીક્ષાને લગતો કોઇપણ કામગીરી, તે વિશ્વસનીય રીતે ગુપ્તતા જાળવીને અને કાર્યદક્ષતાથી પાર પાડશે.
૧૪. બીજી ગ્રામ વિદ્યાપીઠમાં કે અન્યત્ર કોઈપણ જગ્યાએ નોકરી માટે અરજી કરે ત્યારે અરજી આચાર્ય મારફત મોકલશે. અને એડવાન્સ નકલ પરભારે મોકલી શકશે.
૧૫. પ્રોક્ષી વર્ગમાં જશે અને વર્ગમાં શૈક્ષણિક પ્રવૃત્તિ કરશે.
૧૬. પોતાના ચાર્જમાના ડેડસ્ટોક રજીસ્ટરમાં ખરીદેલ વસ્તુઓની નોંધ કરશે અને વર્ષને અંતે વયવસ્થિત તારણ કાઢશે. ખોવાયેલ કે અન્ય કોઈ કારણસર કોઈ વસ્તુકમી કરવાની થાય તો તેની સકારણ નોંધ આચાર્યશ્રી પાસે રજૂ કરશે.
૧૭. અવિસ્થાપન કોર્સમાં જશે અને તે સફળતાપૂર્વક પૂર્ણ કરશે.
૧૮. કોઈપણ પ્રકારની રજા ઉપર જતાં પહેલા આચાર્યશ્રી પાસે અગાઉથી રજા મંજુર કરાવવાની રહેશે
૧૯. કોઈપણ સેવક પોતાના ધંધાદારી કે રાજકીય હેતુ માટે, સંસ્થાની સુવિધાઓ અને સાધનોનો ઉપયોગ કરી

મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર, તા. કલોલ.
જિ. ગાંધીનગર-૩૮૨૭૩૫

શકશે નહિ.

૨૦. કોઈપણ સેવક ખાનગી કોચીંગ ક્લાસ ચલાવી શકશે નહીં. અથવા તેમાં નોકરી કરી શકશે નહીં.

૨૧. કોઈપણ સેવક વેકેશન દરમિયાન કે રજા દરમિયાન પોતાના સરનામામાં જો ફેરફાર થયો હોય તો તેની જાણ આચાર્યને કરશે.

૨૨. વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ, સેવકો, આચાર્ય, વાલીઓ વગેરે તમામ સાથે તેનુ વર્તન વિવેકી અને નમ્ર હશે.

R. S. આચાર્ય
ઈ. ચા. આચાર્ય
મહિલા ગ્રામ વિદ્યાપીઠ
નારદીપુર (ઉ.ગુ.)